# કામધેનુ યુનિવર્સિટી

(૨૦૦૯ના કામધેનુ યુનિવર્સિટી અધિનિયમ ક્રમાંક નં ૯ થી સ્થાપિત)

"સર્વ જીવોનું કલ્યાણ"

વંચાણે લીધા ૧. ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક: પરચ / ૧૦૨૦૨૦/૫૦૧/ટ તા. ૧૬/૦૪/૨૦૨૦

૨. શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક: કરન/૧૨૨૦૨૦/૧૭૦૪૨૦૨૦/ખ-૨, તા. ૧૭.૦૪.૨૦૨૦

3. ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક: પરચ / ૧૦૨૦૨૦/૫૦૧/ટ તા. ૧૮/૦૪/૨૦૨૦

## પરિપત્ર

આથી યુનિવર્સિટીના સર્વે વિભાગ/કચેરીઓના વડાશ્રીઓને જણાવવાનું કે, ઉપરોક્ત વંચાણે લીધેલ પરિપત્ર (2) થી રાજ્ય સરકાર દ્વારા નોવેલ કોરોના વાયરસ (Covid-19) ના સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી તા. ૨૦ એપ્રિલ, ૨૦૨૦ થી 03 મે, ૨૦૨૦ સુધી કચેરીઓ સીમિત સ્ટાફ સાથે સામાજીક અંતર (Social Distance) જાળવીને ચાલુ રાખવાની રહેશે. વર્ગ – ૧ અને વર્ગ – ૨ ના અધિકારીઓના સંબંધમાં કચેરી/કામની જરૂરિયાતને ધ્યાને રાખીને જે તે કચેરીના/વિભાગના વડા નક્કિ કરે તે મુજબ તેઓએ ફરજ પર ઉપસ્થિત રહેવાનું રહેશે. વર્ગ-૩ અને તેથી નીચેના કર્મચારીઓના સંબંધમાં ૩૩ %સુધીના કર્મચારીઓ ઉપસ્થિત રહે તે મુજબની વિચારણા કરવાની રહેશે. આ માટે જરૂરિયાત જણાયેથી સબંધિત કચેરીએ રોસ્ટર રજીસ્ટરની નિભાવણી કરવાની રહેશે. અન્ય અધિકારી/કર્મચારીઓએ ઘરેથી કાર્ય (Work from Home) કરવાનું રહેશે તેમજ મોબાઈલ ફોન અને ઈ-મેઈલ પર ઉપલબ્ધ રહેવાનું રહેશે. કચેરીમાં અધિકારી/કર્મચારીઓની હાજરીના સંબંધમાં દરેક કામના સ્થળે સામાજીક અંતર (Social Distance) જળવાય રહે તે જોવાનું રહેશે.

નોવેલ કોરોના વાયરસ (COVID -19)નું સંક્રમણ જે વિસ્તારોમાં વ્યાપક થયું છે તેવા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નક્કી થયેલ Hotspots /Containment zones ના વિસ્તારોમાં રહેતા કર્મચારી / અધિકારીઓને કચેરીમાં હાજરી આપવામાંથી બાકાત

રાખવાના રહેશે/ બોલાવવાના રહેશે નહિ. અમદાવાદથી આવતા વર્ગ-૩ તથા ૪ના કર્મચારીઓને ફરજ પર બોલાવવાના રહેશે નહિ.

અત્યંત આવશ્યક ન હોય તે સિવાયના મુલાકાતીઓને પ્રવેશ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. વધુમાં સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૬ એપ્રિલ,૨૦૨૦ ના પરિપત્રની સાથે તમામ કચેરીઓ/વિભાગો કામના સ્થળે તથા અન્ય મહેકમોમાં પણ સામાજીક અંતર રાખવા માટેની ધોરણોસરની કાર્ય પદ્ધતિ ચુસ્તપણે પાલન કરવાની રહેશે.

સદર પરિપત્ર માન. કુલપતિશ્રીની આજ્ઞાનુસાર જારી કરવામાં આવે છે

તારીખ : ૧૮-૦૪-૨૦૨૦ કુલસચિવ (I/c)
સ્થળ :ગાંધીનગર

જા. નં. કાયુ/રજી/યુ-૧/વહટ/કોરોના/૨૦૨૦ તા. ૧૮.૦૪.૨૦૨૦

નકલ સવિનય રવાના:

૧. માન. સચિવશ્રી, (પશુપાલન) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર
૨. યુનિવર્સિટી હસ્તકની સંલગ્ન કોલેજો/પોલિટેકનીક/સંસ્થાન અને વિભાગીય વડાશ્રી તરફ જાણ તેમજ ઘટતું થવા સારૂ.
૩. યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ ઘટતું થવા સારૂ.
૪. કાર્યપાલક ઇજનેરશ્રી, કામધેનુ યુનિવર્સિટી તરફ:- યુનિવર્સિટી મુખ્યમથક તથા તેના હસ્તકના એકમોમાં કચેરી કામકાજ શરૂ કરતા પહેલા સેનીટાઈઝેશન કરાવવા તથા થર્મલ મશીન ખરીદી કરવા ઘટતી કાર્યવાહી હાથ ધરવા સારૂ.
૫. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર તરફ જાણ સારૂ.
૬. સિલેક્ટ ફાઈલ